
વર્ષ ૨ અંક ૫ શ્રાવણ વદ ૧૧, ૨૦૬૪

શ્રીગોકુલેશ પાઠશાળા

શ્રીઅજા એકાદશી વ્રત

તાત તણો પ્રતિબિંબ રે રસના - ૫

નંદ ઘેર આનંદ ભયો જય શ્રીગોકુલનાથકી



વ્રજ ભયો મહરિ કે પૂત જબ યહ બાત સુની,
સુનિ આનંદ સબ લોક ગોકુલ ગણિત ગુની;
વ્રજ પૂરવ પૂરે પુણ્ય રૂપી કુલ સુથિર થુનિ,
ગ્રહ લગ્ન નક્ષત્ર બલિ સોધિ કિની વેદ ધ્વનિ.

।। શ્રીગોકુલેશો જયતિ ।।

તાત્ તણો પ્રતિબિંબ રે રસના

શ્રીરસિક રસ ચરિત્ર

નિવેદન

શ્રીગોકુલકો નાથ, શ્રીવ્રજમેં કરત વિહાર;

નિજ-જન કો વરન કારન, લિયો ભૂતલ પ્રાકટ્ય ઉપહાર. ૧

શ્રીગોકુલેશ હી એક નામ, જો સુખ દે સાદા અપાર;

ઐસે સુખ સાગર શ્રીરાયજું, રાખે સાદા શ્રીચરણ નિરાધાર. ૨

પુરાણ કિયો પ્રકાશ, યહ સ્વરૂપ કરે શ્રીવ્રજ વાસ;

દાસગોપાલ કે શ્રીરાયપ્રભુ, રાખો શ્રીચરણ પાસ નિર્ધાર. ૩

શ્રીદાદાજી શ્રીગોકુલેશ પ્રભુનું પ્રાકટ્ય એક અદ્વિતિય પ્રસંગ બન્યો. આપશ્રીના પ્રાકટ્યનો એક હેતુ ભક્તિમાર્ગનો વિકાસ, અને અનન્યતા ભક્તિનું પ્રતિપાદન કર્યું. જે જીવ એક વાર શ્રીદાદાજીના દર્શન કરતો, તે સ્વરૂપ દર્શન કરી વિસ્મય પામી જતો. એવાજ આપશ્રીના સેવકો, જેમા ૭૮ ભગવદીયો, જે પોતાના ભૌતિક દેહનો ત્યાગ કર્યો, જ્યારે સાંભળ્યુ કે પોતાના પ્રાણપતિ એવા સર્વદા સેવ્ય શ્રીદાદાજી શ્રીગોકુલેશ પ્રભુએ અસુરવ્યાહમોહ લીલા કરી. શ્રીદાદાજીએ જે જે લીલા કરી, જે જે વચનો પોતાના શ્રીમુખે વક્ત કર્યા, તે આપશ્રીના અનન્ય સેવકોએ પોતાની પોથીમાં ઉતારી લીધા. આપશ્રીની લગભગ દરેક ચેષ્ટાને પદ્યાત્મકરૂપે પ્રકટ કર્યું.

આજે આપણને જે ગુણગાન પ્રાપ્ત થાય છે, તે પણ આવાજ કૃપાપાત્ર ભગવદીયોની દેન છે. મઠપતિ શ્રીકલ્યાણ ભટ્ટજી, શ્રીકૃષ્ણરાય ભટ્ટ, હરિદાસભાઇ, ઉદ્ધવ ભટ્ટ,

વિષ્ણુદાસ, વ્યારાવાલા ગોપાલદાસજી, રૂપાબાઇ, ગોકુલદાસજી, મહાવદાસજી, વગેરે અનેક ભગવદીયોએ શ્રીદાદાજીના જીવંત પ્રસંગોને ગદ્યાત્મક અથવા તો પદ્યાત્મકરૂપે પ્રકટ કર્યા છે. જેમ શ્રીમહાપ્રભુજીના ૪ વૈષ્ણવો, શ્રીગુંસાઇજીના ૪ વૈષ્ણવો, એમ મળીને અષ્ટછાપ કવિઓ છે, તેમ શ્રીદાદાજીના ભગવદીયો પૈકી અનેક એવા ભક્ત કવિઓ છે. આઓ, આપણે તેમનો સંક્ષેપમાં પરિચય જાણવાનો પ્રયાસ કરીએ.

મહાવદાસભાઇ:- સૌરાષ્ટ્રના વળા ગામના વતની **મહાવદાસભાઇ**, એમનો રચેલો ગ્રંથ **શ્રીવલ્લભ ગીત**, પુષ્ટિ સુધા નામક માસિકમાં આસરે ૬૦ વર્ષ પહેલાં પ્રકટ થયો છે. આ શ્રીવલ્લભ ગીત, ગીત ગોવિન્દની પદ્ધતિએ અષ્ટપદીમાં રચાયો છે. આ જ ભગવદીયે રસાર્ણવ, તાત્પર્યબોધ, સજ્જનમંડન વગેરે ગ્રંથો સંસ્કૃતમાં રચ્યા છે; તદુપરાંત ગુજરાતી ભાષામાં શ્રીવલ્લભ-ચરિત્ર (નિત્ય ચરિત્ર-શ્રીગોકુલેશ પ્રભુનું), વિવાહ ખેલ, ગૂઢરસ, રસાલય, રસસિંધુ, રસકોપ, રસાનંદ, નામરસ વગેરે ગ્રંથો વિનંતિઓ અને અષ્ટકો કર્યાં છે. તેમનું કૃષ્ણચરિત્ર નામનું એક સુંદર કાવ્ય અનુગ્રહ માસિક પત્રિકામાં પૂર્વે પ્રકાશિત થયું હતુ. મૂળ મહાવદાસભાઇ શ્રીગુંસાઇજીના સેવક હતા. અને શ્રીકૃષ્ણ પરમાત્માને સેવ્ય ગણતા. તેમના દરેક ગ્રંથમાં મંગલાચરણમાં શ્રીકૃષ્ણચન્દ્રની સ્તુતિ જોવા મળે છે, વળી તેમને શ્રીદાદાજી શ્રીગોકુલેશ પ્રભુમાં શ્રીકૃષ્ણચન્દ્ર સ્વરૂપની સ્ફુર્તી થઇ, તેથી શ્રીકૃષ્ણના ભાવથી તદનુકરણથી શ્રીદાદાજી શ્રીગોકુલેશ પ્રભુની હયાતીમાં તેમણે શ્રીદાદાજી વિષે ગ્રંથો લખ્યા છે. આ બધા ગ્રંથોમાંનું ઘણું ખરૂં સાહિત્ય તથા તેમનું જીવન પૂર્વે અનુગ્રહ નામક માસિક પત્રિકામાં પ્રકાશિત થઇ ગયું છે. એ રસના ભોક્તા ભગવદીય આત્માઓ તે રસનું પાન કરવા ભાગ્યશાળી બન્યા છે. આ ગ્રંથમાં તો તેમની ગુજરાતી બે કૃતિઓ સ્વરૂપવર્ણન અને ચટાઇ સમયના ધોળમાં આપી છે. (*જેને આપણે શ્રીગોકુલેશ ધોળ પદ માધુરી પુસ્તકમાં પૃષ્ટ ૧૫૮ પર અંકિત છે*) આ સ્વરૂપવર્ણનમાં ભક્તકવિશ્રીએ એ સ્વરૂપનો પોતે જે સાક્ષાત્ અનુભવ કર્યો તેનું તાદશ્યચિત્ર છે.

તેઓ હંમેશા શ્રીમદ્ વલ્લભાચાર્યજી શ્રીમહાપ્રભુજીના ગુણ દર્શાવતા સર્વોત્તમ સ્તોત્ર નો પાઠ કરતા ને તે પાઠથી શ્રીગોકુલેશ પ્રભુ તેમના ઉપર પ્રસન્ન થયા હતા. તે વિષે તેમણે એક સુંદર વિનંતિ લખી છે. મહાવદાસભાઇ જાતે ઔદિચ સીહોરા બ્રાહ્મણ હતા, ને નવા

નગર પાસેના વળા ગામના વતની હતા. પણ તેમણે પોતાનું આખું જીવન શ્રીમદ્ ગોકુલમાં ગાળ્યું હતું. વળી પોતે મોટા વિદ્વાન, સુપાત્ર બ્રાહ્મણ ભક્ત હોવા છતાં જાતિ ગૌરવ મૂકી કેવળ શ્રમજીવી બની જંગલમાંથી સુકાં ઈંધન લાવીને નિર્વાહ કરતા.

શ્રીવલ્લભનું રૂપ નિરખું, અનંગ કોટિ નિવાસ,

વદનપંકજ સદા પ્રફુલિત, મંદ મૃદુ કલ હાસ. ૧

(શ્રીગોકુલેશ ધોલ પદ માધુરીમાંથી સાભાર)

જન્માષ્ટમીનો અતિ મંગલકારી, પાવનકારી ઉત્સવ, તેની આપ સૌ શ્રીગોકુલેશચરણશરણ અનુરાગી સમાજને વધાઇ પાઠવીએ છીએ. સાથેજ નંદમહોત્સવની પણ ખૂબ ખૂબ વધાઇ.

રાગ બિલાવલ :- ગોકુલ પ્રગટ ભયે હરિ આય;

અમર ઉધારન અસુર સંઘારન અંતરજામી ત્રિભુવનરાય. ૧

જાગિ મહરિ પુત્રમુખ દેખ્યો પુલકિત ગાત ઉરમેં ન સમાય;

ગદ્ગદ્ કંઠ બોલ નહીં આવે હરખવંત વ્હે નંદ બુલાય. ૨

આવો હો કંત દેવ પરસન ભયે પુત્ર ભયો મુખ દેખો આય;

દોરિ નંદ જબ સુતમુખ દેખ્યો સો સુખ શોભા બરની ન જાય. ૩

જબ વર માગ્યો તબ ઘર આયો આનંદ મગ્ન વ્હે બજી બધાય;

સૂરદાસ પહેલે યહ માગ્યો દૂધ પિવાવત જસોદા માય. ૪

ભાવત્ક:-

દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

રાજેન્દ્રભાઇ કડકીયા (યુ.એસ.એ.)

|| શ્રીગોકુલેશો જયતિ ||

શ્રીરસિક રસ ચરિત્ર

કુટુંબની પૂર્વપીઠિકા

ગતાંકથી આગળ..

ચરણાટ વાસ:–

આ પછી શ્રીમહાપ્રભુજી ચરણાટમાં (*જેને પુરાણ વગેરે અને ગર્ગસંહિતામાં ગુપ્તવૃન્દાવન કહે છે*) રહેવા ગયા. એ દરમ્યાન સં.૧૫૭૦ના આસો (વ્રજ) કૃષ્ણ પક્ષ ૧૨(ગુર્જરમાસ અનુસાર ભાદરવા વદ ૧૨, સં.૧૫૬૭)ના રોજ પ્રથમ ભગવદ્ આત્મજ શ્રીગોપીનાથજી પ્રકટ થયા અને સં. ૧૫૭૨ (વ્રજ) પોષ વદિ ૯ને શુક્રવારે(ગુર્જરમાસ અનુસાર માગસર વદ ૯, સં.૧૫૭૨), હસ્ત નક્ષત્ર, શોભન યોગ, સૂર્યોદય પછી ૨૧ ઘડી ૨૫ પળે શ્રીવિઠ્ઠલનાથજીનો પ્રાદુર્ભાવ થયો. શ્રીગોપીનાથજી માટે લોકોક્તિ એમ છે કે તે શ્રીબળભદ્રજીનો વ્યુહાત્મક સ્વરૂપ છે. જ્યારે શ્રીવિઠ્ઠલનાથજીને સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણનું સ્વરૂપ ગણાય છે. શ્રીગોપીનાથજી માટે આપણા સંપ્રદાયમાં ઘણી ભ્રાંતિ છે કે મર્યાદામાર્ગીય છે. તે તદ્દન ખોટો પ્રચાર છે. (વધું માહિતી માટે જુઓ **શ્રીગોપીનાથજી**, પ્રકાશક શ્રીવલ્લભાચાર્ય ટ્રષ્ટ, માંડવી, કચ્છ, ગુજરાત, ભારત).

ત્યાર પછી શ્રીમહાપ્રભુજી અડેલ પધાર્યા. ત્યાંથી જગદીશની યાત્રાએ જતાં માર્ગમાં ગંગાસાગર પર શ્રીકૃષ્ણ ચૈતન્યજીનો મેળાપ થયો. ત્યાર પછી જગદીશ થઇ, વ્રજમાં ફરી દ્વારકાના મિષથી ગુજરાત પધાર્યા. ત્યાં અનેક દૈવી જીવોને શરણે લીધા. દ્વારકાથી અડેલ પધારી ત્યાં શ્રીવિઠ્ઠલનાથજીનો **ઉપનયન** સંસ્કાર કર્યો ને વારાણસીમાં **માધવ સરસ્વતી** પાસે વિદ્યા ભણાવી ચરણાટ તથા અડેલમાં વસતાં શ્રીમહાપ્રભુજીના નિજ જનને શિક્ષા માટે તથા

માર્ગના રક્ષણ અર્થે નવરત્ન વગેરે નાના મોટા અનેક પ્રકારના ગ્રંથો રચ્યા, જે સઘળાં નામ અત્રે આપી શકાય એમ નથી.

ગોકુલ-ગોવર્ધનવાસ :-

ત્યાર પછી શ્રીમદ્ ગોકુલ-ગોવર્ધન પધારી ત્યાં વાસ કર્યો. ત્યાં શ્રીગોવર્ધનનાથજી (શ્રીનાથજી) માટે મંદિર સિદ્ધ કરાવ્યું ને સં. ૧૫૭૬ના શ્રાવણ વદ ૩ના રોજ શ્રીનાથજીને પાઠ પધરાવ્યા. ત્યાર પછી આજ્ઞા પ્રમાણે શ્રીમદ્ભાગવતનું વિવરણ (શ્રીસુબોધિનીજી) કર્યું. પોતે શ્રીમુખે ટીકા બોલતા ને માધવભટ્ટ કાશ્મીરી લખતા. આ પ્રમાણે શ્રીમદ્ભાગવત પરની અપૂર્ણ ટીકા પ્રકટ કરી એનું રહસ્ય બતાવી આપ્યું. આ વિવરણ **શ્રીસુબોધિનીજી**ના નામથી પ્રસિદ્ધ છે. જોકે શરૂઆતમાં શ્રીશ્રમહાપ્રભુજીએ શ્રીમદ્ભાગવતના બારે સ્કંધ પર વિવરણ કરવા ધારી પ્રથમ સ્કંધથી શરૂઆત કરી, પરંતુ નિકટ ગમન માટે ઉપરાઉપરી પ્રભુની બે આજ્ઞાઓ થવાથી પહેલા ૧, ૨, ૩ સ્કંધ સૂધી તથા દશમ સ્કંધની ટીકા પૂરી કરી, એકાદશ સ્કંધમાં નવ યોગેશ્વરના પ્રસંગ પૈકી આઠ યોગેશ્વર સુધીની ટીકા પૂરી કરી, એકાદશ સ્કંધમાં નવ યોગેશ્વરના વિચારે છે એવામાં ત્રીજી આજ્ઞા થઇ તેથી પોતાના નિજધામમાં પધારવાની તૈયારી કરી એ વખતે **અંતઃકરણપ્રબોધ** નામનો ગ્રંથ રચ્યો.

સ્વધામ પધારતી વખતે પોતાના માતૃશ્રીને તથા વહુજીને યોગ્ય શિખામણ આપી. શ્રીશ્રગોપીનાથજીને ઘરની ભાગદોળ સૌપીં, અને શ્રીવિઠ્ઠલનાથજીના શ્રીકંઠની માળા પહેરાવી દામોદરદાસ તથા પદ્મનાભદાસ વગેરેને એમના શિક્ષણને રક્ષણનું કામ સોંપી સં.૧૫૮૭ના વૈશાખ વદ ૧૦ના રોજ શ્રીમહાપ્રભુ પૂર્ણાનંદ નામને સાર્થક કરી સન્યાસ લીધો. જૂજ સમય સંન્યાસ તથા પરમહંસાશ્રમમાં ધર્મ પાળી અઢાર દિવસમાં પોતે કાશી પધાર્યા. ત્યાં હનુમાન ઘાટ પર સાત દિવસ પરમહાંશ્રમમાં રહી, શ્રીમહાપ્રભુજીએ શ્રીગોપીનાથજી, શ્રીવિઠ્ઠલનાથજી વગેરે બાલકો તથા વૈષ્ણવોને શિક્ષાશ્લોકી નામક ગ્રંથ રચી શિક્ષા આપી. આ પ્રમાણે સર્વ વર્ણાશ્રમ તથા કુલ અને વૈદિક ધર્મોનું યોગ્ય પાલન કરી, જે પ્રયોજન માટે ભૂતલમાં પધાર્યા હતા તે સિદ્ધ કરી શ્રીમહાપ્રભુજી શ્રીગંગાજીમાં પ્રવેશ કર્યો.

ત્યાં સં. ૧૫૮૭ના અષાઠ સુદિ ૩ને દિવસે ભૂતલ ઉપર કુલ ૫૮ વર્ષ, ૨ માસ, અને ૭ દિવસ બિરાજી હવે સ્વધામ સદેહે પધાર્યા, એ વખતે વાજિંત્રા અવાજ ને પુષ્ટવૃષ્ટિ થયાં.

એ તેજના પુંજ દ્વારા શ્રીમહાપ્રભુજી સ્વધામ સ્વદેષે પધાર્યા. એ તેજનો સ્તંભ જળની સપાટીથી આકાશ સુધી લગભગ ત્રણ કલાક સુધી દેખાયો હતો.

<u>શ્રીગુંસાઈજી</u> :-

આ પ્રમાણે શ્રીમહાપ્રભુજી માળા દ્વારા પોતાનું સકલ સામર્થ્ય શ્રીવિઠ્ઠલનાથજી (શ્રીગુંસાઈજી)ને સોંપી નિજધામ પધાર્યા. પછી શ્રીગુંસાઈજી પિતાની આજ્ઞા પ્રમાણે અડેલમાં રહી સેવા કરતાં. ત્યાં જે જે પંડિતો વાદ કરવા આવ્યા તે સર્વને એઓને જીતી લીધા. અહીં ચાચા હરિવંશજી શ્રત્રિય વગેરે શરણે આવ્યા, એમનો અંગીકાર કરી પિતૃચરણએ પ્રકટ કરેલ માર્ગનો વિચાર કરવા શુદ્ધ પુષ્ટિમાર્ગીય ગ્રંથો રચ્યા જેમાનાં મુખ્ય નીચે પ્રમાણે છે :

શ્રીગોકુલાષ્ટક, વિદ્વદમન્ડન, વ્રતચર્યા, દાનલીલા, ગુપ્તરસ, ત્રિભંગલલિત, સ્વામિનીસ્તોત્ર, સ્વામિન્યષ્ટક, કૃષ્ણપ્રેમામૃત, શ્રીવલ્લભાષ્ટક, શ્રીસર્વોત્તમસ્તોત્ર, વિજ્ઞપ્તિ, શ્રીસુબોધિનીજી પર ટિપ્પણી, પ્રેમામૃત-વિવરણ, ગીતાતાત્પર્ય, ષટ્પદી, પ્રબોધ, વગેરે.

ગ્રંથો રચવા ઉપરાંત એમણે શ્રીમહાપ્રભુજીની જેમ જુદા જુદા પ્રદેશોમાં પધારી ત્યાંના દૈવી જીવોને શરણે લઈ, એ જીવોને પોતાના પ્રમેયબળથી આસુરી સંગતમાંથી છોડાવી હરિસેવામાં જોડાયા. શ્રીગુંસાઈજી આ જ કારણને લઈને ફરી ફરીને ૬ વખત દ્વારકાના મિષથી ગુજરાતમાં પધાર્યા છે.

શ્રીપ્રભુની સેવામાં સદા તત્પર રહી, અનેક ગ્રંથો રચી, શ્રીમહાપ્રભુજીએ પ્રકટ કરેલ પુષ્ટિમાર્ગનો ઘણો વિસ્તાર કરી પોતાનો પ્રાકટ્યહેતુ સિદ્ધ કર્યો. શ્રીગુંસાઈજીનું પ્રાકટ્ય એ સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ પાંડુરંગ શ્રીવિઠ્ઠલનાથજી, જેમણે પંઢરપુરમાં શ્રીમહાપ્રભુજીને ત્યાં

પુત્રરૂપે પ્રકટ થવા ઈચ્છા દર્શાવી હતી તેમનું છે. એ વિશે શ્રીગુંસાઈજીના સેવક ગોપાલદાસજી વલ્લભાખ્યાન લખે છે :

પૂર્ણ બ્રહ્મ શ્રીલક્ષ્મણસુત, પુરુષોત્તમ વિઠ્ઠલનાથ;

શ્રીગોકુલમાં પ્રકટ પધાર્યા, સ્વજન કીધા સનાથ. (૧-૨૪)

આ પોષ મધ્યાહ્ને નોમે શ્રીનાથજી,

અક્કાજી — ઉર ઉપન્યો આનંદ;

આ ચંદ શ્રીવૃંદાવન તણો પ્રકટિયો. (૩-૧)

બલદેવ શ્રીગોપીનાત કહિયે, શ્રીવિઠ્ઠલ નંદાનંદ;

એ વેદપંથ વિસ્તરશે, જન આપશે આનંદ. (૨-૨૩)

બ્રહ્મકુલ હરિ અવતર્યા, તે ટાળવા ભૂમીભાર;

શ્રીનાથ શ્રીવિઠ્ઠલનામ નિરુપમ, વૃન્દાવનશ્રૃંગાર. (૪-૨)

શ્રીગુંસાઈજીના સપ્ત ભગવદ્ આત્મજ :-

શ્રીગુંસાઈજીને બે પત્ની હતાં : ૧. શ્રીરુક્મિણીજી અને ૨. શ્રીપદ્માવતીજી.

પ્રથમ વહુજી શ્રીરુક્મિણીજીથી એમને ૯ બાલકો અને ૯ બેટીજી, એમ કુલ મળીને ૧૮ સંતાન થયાં, પરંતુ એમાનાં ત્રણ બાલકો અને ૫ બેટીજીઓ બાલ્યાવસ્થામાંજ લીલા કરી. જ્યારે શ્રીરુક્મિણીજીએ લીલા કરી ત્યારે શ્રીગુંસાઈજી પરિવાર સહિત ગઢામાં બિરાજતા હતા. શ્રીગુંસાઈજીના ૬ બાલકો અને ચાર બેટીજીઓના નામ આ પ્રકારે છે:

શ્રીગિરિધરજી (સં. ૧૫૯૭ કાર્તિક સુદ ૧૨), શ્રીગોવિન્દજી (સં.૧૫૯૯ કાર્તિક વદ ૮), શ્રીબાલકૃષ્ણજી (સં. ૧૬૦૬ ભાદરવા વદ ૧૩), સર્વદા સેવ્ય શ્રીદાદાજી શ્રીગોકુલેશ પ્રભુ (સં.૧૬૦૮ માગસર સુદ ૭), શ્રીરઘુનાથજી (સં.૧૬૧૧ કાર્તિક સુદ ૧૩), શ્રી યદુનાથજી (સં. ૧૬૧૫ ચૈત્ર સુદ ૬), શ્રીશોભાજી, શ્રીયમુનાજી, શ્રીકમલાજી, શ્રીદેવકીજી.

આ સિવાય શ્રીગુંસાઈજીના બીજા વહુજી શ્રીપદ્માવતી વહુજીથી સપ્તમ બાલક શ્રીઘનશ્યામજીની (સં.૧૬૨૬ કાર્તિક વદ ૧૩) પ્રાપ્તિ થઈ. આ સાત પુત્રરત્નોમાં શ્રીચતુર્થકુમાર સર્વદા સેવ્ય શ્રીદાદાજી શ્રીગોકુલનાથજી (શ્રીગોકુલેશજી), જેમને શ્રીગુંસાઈજી **શ્રીવલ્લભ** કહેતાં તે, આપણાં આ **શ્રીરસિક રસ ચરિત્ર**ના નાયક છે.

..ક્રમશઃ

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા



શ્રીગોકુલેશ વાક્સુધા

।। શ્રીસર્વોત્તમસ્તોત્રમ્ ।।

।। શ્રીગોકુલનાથજીની ટીકા સહિત ।।

...ગતાંકથી આગળ

શંકા : ચાલો, વાત તમારી માની લઈએ. પણ હવે મને એ બતાવો કે જે તમારા પોતાના સેવકોને સાક્ષાત્ ભક્તિમાર્ગનાં માહાત્મ્યનું જ્ઞાન થવાનું કારણ ભગવાનના શ્રીમુખારવિંદનું પ્રાકટ્ય કહેલું છે, એટલે શ્રીમહાપ્રભુ દ્વારા તમારા સેવકોને તે માહાત્મ્યનું જ્ઞાન બધું પ્રાપ્ત થયું જ. તેથી વળી તેમનાં ૧૦૮ નામો પ્રકટ કરવાનું શું પ્રયોજન છે? શ્રીગુંસાઈજીએ આટલી બધી મહેનત કેમ કરી. કારણ કે જો માહાત્મ્યનું જ્ઞાન પ્રાપ્ત થઈ જાય, તો પછી બીજું શું જોઈએ, છતાં ૧૦૮ નામો પ્રકટ કેમ કર્યા?

સમાધાન :- આવી શંકા નહીં, કરવી, કારણકે શ્રીગુંસાઈજી આગળ આપણને આજ્ઞા કરી રહ્યાં છે કે :-

तदुक्तमपि दुर्बोधं सुबोधं स्याद्यथा तथा ।।

तन्नामाष्टोत्तरशतं प्रवक्ष्याम्यखिलाघहृत् ।। ४ ।।

ભાવાર્થ :- શ્રીમહાપ્રભુજીના વચનોનો ગૂઢ આશય તો જાણી શકવો સરળ નથી, સહેલાઈથી જાણી શકાય તે પ્રકારે સર્વ પ્રતિબંધ હરનારા તેઓશ્રીનાં ૧૦૮ નામનો પાઠ કરવાથી દુર્બોધ વચન પણ સુબોધ થઈ જાય છે, ૧૦૮ નામો સ્પષ્ટ થઈ જાય છે. ૪

રાગ: બિલાવલ

અતિ તદુક્ત દુર્બોધ જાનિ જિય કિયૌ સુબોધ શ્રીવિઠ્ઠલેસ ।।

શત-અષ્ટોત્તર નામ દાન હૈ મહા અઘ હર્યો મિટ્યો ક્લેસ ।। ૧ ।।

પઢૌ સુનૌ ચિત્તમેં ચિંતન કરિ કછુ મતિ ધરો ચિંતાકો લેસ ।।

એકૈ રસના કહૌ કહા બરનોં થકી શારદા સહસ્રમુખ શેષ ।। ૨ ।।

યહ અવતાર ન કાહૂ બરન્યો સ્રુતિ સ્મૃતિ શાસ્ત્ર પુરાન વિશેષ ।।

દૈવીજન-ઉદ્ધરનકૌં પ્રગટે ભૂતલ **ગોવિન્દ** પ્રભુ શ્રીવ્રજેશ ।। ૩ ।।

શ્રીદાદાજી શ્રીગુંસાઈજીબાવા ના હૃદયનો હાર્દ સમજતા આજ્ઞા કરે છે કે *અમારા (શ્રીગુંસાઈજી) સેવકોને તે પ્રયોજનથી(નિશ્ચિત હેતુ) પ્રકટ કરેલ શ્રીમુખારવિંદરૂપ શ્રીમહાપ્રભુજીની કૃપાથી તેમનાં શ્રીસુબોધિનીજી વગેરેમાં પ્રકટ કરેલ વચનોના પૂરેપુરા અર્થનું જ્ઞાન થયું.*

શંકા :- ચલો, વાત તમારી માની લઈએ કે આપશ્રી (શ્રીગુંસાઈજી)ને જે શ્રીમહાપ્રભુજીના સ્વરૂપનું જ્ઞાન થયું, અને આપે જેમ કહ્યું કે શ્રીમહાપ્રભુજી-શ્રીગુંસાઈજીના

સેવકોને પણ શ્રીમહાપ્રભુજીની કૃપાથી અતિ ગૂઢ રહસ્યયુક્ત શ્રીસુબોધિનીજીનું પણ જ્ઞાન થયું. પણ શું આપના માર્ગના દરેક સેવકોને, અને ખાસ કરીને આજના વર્તમાનના સેવકોને આવું જ્ઞાન થવું શક્ય છે ? કારણકે દરેક જીવતો સરખી સમજણ વાળા ન હોય. તો પછી તેમને આ માર્ગનું રહસ્ય, શ્રીમહાપ્રભુજીના સ્વરૂપનું જ્ઞાન કેવી રીતે થાય ?

<u>**સમાધાન**</u> :- અહીં આવી શંકા પર શ્રીદાદાજી આજ્ઞા કરે છે કે વાત તમારી સાચી હાલના તેમના (શ્રીમહાપ્રભુ-શ્રીગુંસાઇજી)ના સેવકો જીવપણાંને લીધે થોડી (ઓછી) બુદ્ધિવાળા હોવાથી શ્રીસુબોધિનીજી વગેરેનું તાત્પર્ય જાણતા નથી, અને તેથી તેમની કૃતાર્થતા નહીંવત હોય-તે અકૃતાર્થજ રહે. તેથી આવા જીવોને પણ શ્રીમહાપ્રભુજીના સ્વરૂપનું તાત્પર્યનું જ્ઞાન થાય, તે માટે બીજા ઉપાયો, જેમકે ટોના-ટોટકા, મંત્ર-તંત્ર, બાધા-આખડી, ગ્રહ નડતર નંગ પહેરવાની, વગેરે કરવાની જરૂર નથી. આવા ઉપાયો તો ભક્તિ માટે નિરર્થક છે. એટલા માટેજ શ્રીગુંસાઇજીએ શ્રીમહાપ્રભુજીના સ્વરૂપને સમજાવતા ૧૦૮ સંખ્યામાં નામો પ્રકટ કર્યા. જે ૧૦૮ નામો વડે શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ એમની કૃપાથી સમજવાનું સરલ બને.

શ્રીગુંસાઇજી મૂલ શ્લોકમાં આજ્ઞા કરે છે કે **वक्ष्याम्य** *હું ૧૦૮નામો કહીશ....* આપશ્રીનું આટલું કહેવાથી જ કાર્ય પતે તેમ છે. છતાં પણ જે **प्र** ઉપસર્ગ શ્રીગુંસાઇજીએ સ્પષ્ટ મૂક્યોં છે તે એમ જણાવે છે કે આ ૧૦૮ પહેલાં કહેલા ગુણવાળા છે અને તેથી જ તેમ ના વચનનો અર્થ જાણવામાં જે વિઘ્નો હોય તેનો નાશ કરનારા છે. એમ *સર્વ પ્રતિબન્ધ હરનારાં* વિશેષણથી કહેલું છે. જોકે લોકમાં **अघ** શબ્દનો અર્થ પાપ પ્રસિદ્ધ છે.


શ્રીમહાપ્રભુજીના નામ છે તે નિત્ય છે, પ્રાકટ્યના પહેલાંથી જ છે, જેમ શ્રીપૂર્ણપુરુષોત્તમ ભગવાન શ્રીગોકુલેશ (શ્રીકૃષ્ણ)ના નામ પહેલાંથી જ છે તે રીતે. તેથી શ્રીગુંસાઇજી માત્ર નામોને પ્રકટ કરે છે. પણ શ્રીમહાપ્રભુજીએ પ્રકટ કરેલા ભક્તિમાર્ગના સેવકોને તેનો (**अघ - પાપ**) સંભવ પણ જરા પણ નથી, પણ જે શ્રીગુંસાઇજીબાવાએ **अघ** શબ્દનો પ્રયોગ કર્યો છે તે શ્રીસુબોધિનીજી વગેરેનો અર્થ જાણવામાં-સમજવામાં જે

પ્રતિબન્ધો હોય તે જ અઘરૂપ હોવાથી આ ૧૦૮ નામો જ તેનો નાશ કરનારાં છે, એમ જણાવવા *સર્વ પ્રતિબન્ધ હરનારાં* એમ કહેલું છે. ૪

હવે શ્રીમહાપ્રભુજીના ૧૦૮ (એકસો આઠ) નામોનું અલૌકિક આનંદમયત્વ કહે છે. કે બધે ઠેકાણે જ્યાં નામોનું પ્રાકટ્ય કહ્યું છે ત્યાં મંત્ર, ઋષિ, છંદ, દેવતા આ હોય છે. તો શ્રીમહાપ્રભુજીના નામ છે તે અલૌકિક આનંદમય છે. તેથિ એમના પ્રગટ કરવાવાળા ઋષિનું નિરૂપણ કેવું હશે ?

(...ક્રમશ:)

સંકલન:- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા


શ્રીગોકુલનાથજીકે ચોબિસ વચનામૃત

૪. ક્રોધ વિષે સમજ.

અબ ઓર હું શ્રીગોકુલનાથજી કલ્યાણ ભટ્ટ પ્રતિ આજ્ઞા કરત હે-વૈષ્ણવકો ચોથો લક્ષણ કહત હે. જો, ભગવદીયકો ક્રોધ ન કરનો. તામે કારણ યહ હૈ જો ક્રોધ હે સો ચાંડાલકો રૂપ હૈ સો જ્યાં ક્રોધ હોય ત્યાં ભગવદ્ધર્મ-ભગવાન ન રહે ક્રોધ હોત હે તબ ભગવદ્ આવેશ જાત રહત હે. ક્રોધતેં સઘરો અંગ કોપાયમાન હોત હે. ક્રોધ હે સો અગ્નિરૂપ હે સો ભગવદ્ ધર્મકો જરાવન વારો-નાશ કરનવારો હે. જાકો ક્રોધ બોહોત હોય સો ક્રોધાવેશ તે અંગ-અશુદ્ધ રહે. જેસે ચાંડાલ કે સ્પર્શતેં સચૈલ સ્નાન કરનો પડે-નાહીં તો

હાથ પાંવ ધોને પડે તથા ૧૬ (સોલે) કુલ્લવ કરને પડે. પાછે ચરણામૃત લે તબ શુદ્ધ હોય. ક્રોધાવેશ છૂટે-આસુરાવેશ મિટે. તાતે ભગવદ્ ધર્મ ભગવદ્ સ્મરણ પવિત્ર હોય કે કરે.

ઓર ક્રોધાવેશમેં દેહ છુટે તો નરકમેં પડે તથા અધોગતિ હોય अधोगच्छन्ति तामसाः (શ્રીમદ્ ભગવત ગીતા ૧૪-૧૮) તામસો અતલ વગેરે અસુરોના સ્થાનમાં, નરકમાં અથવા નીચ યોનિમાં જાય છે. ઓર વિના કારણ ભગવદ્ સેવા સંબંધ વિના ક્રોધ કરે તો શ્વાન યોનિકુ પાવે. લોભ કરિકે કાહુકો દ્રવ્ય ચુરાવત હોય ઓર પૂછેતે ક્રોધ કરત હોય સો સર્પયોનિકુ પાવત હે. કોઇ વૈષ્ણવસો ઈર્ષા કરિકે ભગવદ્ સેવા-વાર્તા ભગવદ્ ધર્મ કીર્તન આદિ મેં પ્રતિબંધ કરિકે છુડાવત હે સો કુંભીપાક નર્કકો કીડા સાઠિ હજાર વર્ષ તાંઈ હોત હે. પાછે સુકર, કૂકર-શ્વાન, સર્પ ઈત્યાદિક યોનિકુ પાવે હે. તાતે ભગવદ્ ધર્મ સંબંધી વાર્તા સાવધાન રહત હુ હોય. તાસો વિઘ્ન ન કરનો. ઓર જો ક્રોધ-ઈર્ષ્યા કરિકે કાહુકે ઘરમેં અગ્નિ લગાવત હે સો તીન્યો, તાપ-પાપ કરિકે અગ્નિમેં પડત હે. ઈર્ષા તથા ક્રોધતે કાહુકો વિષ દેત હે ઓર આપુ ખાત હે. જલમેં ડૂબત ઓર ડૂબાવત હે, શસ્ત્ર લેકે આપઘાત કરત હે સો નર્કમેં ગિરિ ભોગ કરિકે સર્પ યોનિકુ પાવત હે. ક્રોધ સહિત જે દાન કરત હે તિનસો દશ ગુણો પ્રાયશ્ચિત કરેતે શુદ્ધ હોત હે. જો ક્રોધ સઘરે ધર્મનમેં બાધક હે. મહા દુર્બુદ્ધિ હોય કે અજ્ઞાનતે ક્રોધ કરત હે. તાતે મન લગાયકે ક્રોધકો નિવારન કરનો. સો શાંતિ રૂપી ભગવદ્ ઈચ્છારૂપી ખડગતે દૂર કરે. ઓર ક્રોધ કરિકે ગુરુકી નિંદા કરે. ગુરુસો કઠિન વચન બોલે સો મુસક હોય હે. પાછે સર્પ યોનિ પો, ફેરિ વૃક્ષ યોનિકુ પાવે, પાછે પ્રેત યોનિકુ પાવત હે. માતાપિતાસો ભગવદ્ અર્થ વિના ક્રોધ કરત હે સો દરિદ્રી હોત હે વૈષ્ણવ સો ક્રોધ કરત હે તિનકે સઘરે ભગવદ્ ધર્મ સુકૃતકો નાશ હોત હે. યા પ્રકાર શ્રીગોકુલનાથજી કલ્યાણ ભટ્ટ પ્રતિ આજ્ઞા કરે જો, વૈષ્ણવ હોય કે સર્વથા ક્રોધ ન કરનો. ક્રોધ કો મહાદોષ હે. કહિયે તો પાર ન આવે યા પ્રકાર સાવધાન રહે, ઈતિશ્રી ચતુર્થ પ્રસંગ. ૪

।। ઈતિ શ્રીગોકુલનાથજી કૃત ચતુર્થ વચનામૃત સંપૂર્ણમ્ ।।

(...ક્રમશ:)

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

સ્વરૂપનિષ્ઠા

શ્રીગોકુલેશપ્રભુચરણના અંતરંગ ભગવદીયો

મોહનભાઇજી

મોહનભાઈજીના હુલામણા અને આદરણીય નામથી આજે પણ શ્રીચતુર્થગૃહની સૃષ્ટિમાં ચિરસ્મરણીય તથા *ભાગ્યરાશ* કહીને સૌ જેને વંદે છે એવા મોહનભાઈજી શ્રીદાદાજી શ્રીગોકુલેશપ્રભુની કૃપાનું પરિણામ રૂપે હતા.

દાદા નારાયણજીના પ્રથમ પુત્ર ત્રિકમદાસના પ્રથમ પત્ની સોહાગદેથી વિ.સં.૧૬૬૩ના ગુર્જર માગસર વદ ૧૧ના દિવસે ભરૂચમાં મોહનભાઈજીનો જન્મ થયો હતો.

મોહનભાઈજીના ભૂતલ ઉપર ત્રણ જન્મ થયા હતાઃ પ્રથમ જન્મ કૃષ્ણદાસીનું હતું. દ્વિતીય જન્મ રાજનગરમાં કુંવરબાઈ નામે હતું અને તૃતીય જન્મ મોહનભાઈજીનું હતું.

।। પ્રસંગ - ૧ ।।

એક સમય ગોધરાના નાગજીભાઇ કોઈ કાર્યાર્થે ભરૂચ આવેલા. તે સમયે નારાયણજીના પાંદમા પુત્ર ગોકુલભાઈજી અને મોહનભાઈજી - આ બંને કાકા-ભત્રીજા સમાન વયના હોવાથી આંગણ મધ્યે ખેલતા હતા. આ બંને બાળકોને જોતાં જ તેમનામાં રહેલું દૈવીપણું જોતા નાગજીભાઈએ કહ્યું : *આ બંને બાળકો દૈવી જીવ અને અલૌકિક છે. પ્રભુની સેવોપયોગી ઉત્તમ સામગ્રી રૂપ હોઈ આ બંને બાળકો શ્રીગોકુલેશપ્રભુની સેવાસુખમાં સદા રહેશે અને પ્રભુ પણ તેમનો મનોરથ પૂર્ણ કરશે.* આ પ્રકારે નાગજીભાઈએ આ બંને બાળકૌનો સૌને અલૌકિક પરિચય કરાવ્યો અને સારી રીતે જતન કરી સાચવવાનું સુચન કર્યું હતું.

સાત્ત્વિકવૃત્તિ, સ્વરૂપનિષ્ઠ, સુશિલ સ્વભાવ, ક્ષમા, ઉદારતા, અને અનન્યાશ્રય વગેરે ભગવદ્ ધર્મો તેઓમાં પ્રગટ જણાતા હતા. તેમનું સર્વસ્વ એકમાત્ર સર્વદા સેવ્ય શ્રીદાદાજી શ્રીગોકુલેશ પ્રભુચરણ જ હતા. લૌકિક કંઈપણ જાણતા નહોતા. દોષો તો

લેશમાત્ર પણ નહોતા. ભગવદીયો પર પૂર્ણ ભાવ રાખતા હતા. દ્રવ્યનો સદા ભગવદ્ વિનિયોગ કરવા પ્રયત્નશીલ રહેતા હતા અને શ્રીદાદાજીના શ્રીચરણારવિંદમાં જ સદા આસક્ત રહેતા હતા.

।। પ્રસંગ - ૨ ।।

મોહનભાઇજી ભરૂચથી આગ્રા આવીને રહ્યા હતા. અહીં પણ શ્રીદાદાજીનાં સુખનો જ અહર્નિશ વિચાર કરતા હતા. શ્રીદાદાજીની ટહેલમાં ઉત્તમમાં ઉત્તમ વસ્તુ-સામગ્રી શ્રીગોકુલ પહોંચાડતા હતા. શ્રીદાદાજીના દર્શનની સદા આર્તી રાખતા અને દર આઠમા દિવસે ઘોડા પર બેસીને શ્રીમુખના દર્શન કરવા શ્રીમદ્ ગોકુલ આવતા હતા.

આગ્રામાં જહાંગીર બાદશાહનો બાગ હતો. બાગમાં ગુલાબના ઘણાં જ સુંદર ફૂલો થતા હતાં, પરંતુ આ ફૂલનો કોઇ ઉપયોગ થતો ન હતો. દેશાધિપતિ તરફથી હુકમ હતો કે કોઇપણ મનુષ્યે આ ફૂલ તોડવાં નહીં અને તોપે તેના હાથ-પગ કાપી નાખવાં. આ માટે કડક ચોકી પહેરો પણ રાખ્યો હતો. ફૂલોનો કઇ ઉપયોગ ન થવાથી કેટલાક કરમાઇને નીચે ખરી પડતાં હતાં. આવા ઉત્તમ ગુલાબના ફૂલોને જોઇ મોહનભાઇજીએ શ્રીદાદાજીની સન્મુખ ધરવા વિચાર કર્યો. કોઇ જાણે નહીં તેમ મોહનભાઇજી બાગમાં જઇ ગુલાબના ફૂલો લઇ આવતા. ભગવદ્ઇચ્છાથી તે સમયે રખેવાળને નિંદ્રા આવી જતી. આ પ્રમાણે પોતાના પ્રાણને પણ સંકટમાં મૂકી, પ્રભુસેવાર્થે ગુલાબના ફૂલો ઘેર લાવતા હતા. આ ગુલાબના ફૂલોનું સુંદર ગુલાબજળ સિદ્ધ કરી, શ્રીદાદાજીની સેવામાં અને શ્રીદાદાજીના અંતરંગ સેવકો માટે શ્રીમદ્ ગોકુલ મોકલતા હતા. આ પ્રમાણે શ્રીહરિ-ગુરુ-વૈષ્ણવની સેવામાં સદા તત્પર રહેતા હતા.

વિશેષમાં આગ્રાની અમરાઇ વાડીમાં થતી ઉત્તમ કેરીઓ ઘેર લાવતા અને પકવતા હતા. વેચવાવાળા પણ ઉત્તમ કેરીઓ હોય તો મોહનભાઇજીનું નામ સાંભળીને લઇ આવતા હતા. ઉત્તમ કેરિઓનું મૂલ્ય કદી પૂછતા નહીં પરંતુ અધિક દ્રવ્ય આપીને વેચવાવાળાનું સમાધાન કરતા. આ પ્રમાણે ઉત્તમ અને રસયુક્ત બનેલી કેરીઓ શ્રીમદ્ ગોકુલ લઇ જતા અને સ્વહસ્તે જ શ્રીદાદાજી શ્રીગોકુલેશપ્રભુને સમર્પિત કરતા હતા. મોહનભાઇજીના હૃદયના આવા અનન્યભાવનું વર્ણન થઇ શકે તેમ નથી.

એક સમય દ્રાક્ષની પેટી પરદેશથી મંગાવી હતી. પેટી આવવામાં સહજ વિલંબ થયો હતો. પરંતુ પેટી આવતાં તરતજ લઈને શ્રીગોકુલ આવ્યા અને સંધ્યા સમયે બ્યારૂમાં શ્રીદાદાજીને અંગીકાર કરાવી. આ પ્રમાણે તનુવિત્તજા સેવામાં જ સદા તત્પર-પરાયણ રહેતા હતા. શ્રીગોકુલેશ પ્રભુ શ્રીમુખે જ આવા ઉત્તમ સેવક માટે આદર પ્રકટ કરતા આજ્ઞા કરતાં કે *જૈસે હમ તૈસે હમારે સેવક.*

...ક્રમશઃ

સંયોજનઃ- સ્વરૂપનિષ્ઠા પુસ્તક, પ્રકાશક ભાઈલાલભાઈ શેઠ.

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

શ્રીધોળ પદ

તારી વરણાગી વેરાશે

તારી વરણાગી વેરાશે, વલ્લભનામ નવ જાણ્યું, તારા દુઃખના દિવસ કેમ જાશે.વલ્લભ .૧

તારી અક્કલ હૈયાની ફૂટી, વલ્લભ. તારા લટકામાં વાટ ઊઠી. વલ્લભનામ. ૨

તું તો સગામાં સઘળે ગાજ્યો, વલ્લભ. **શ્રીગોકુલેશ** નામ લેતાં લાજ્યો. વલ્લભનામ. ૩

સગાવ્હાલાં નહીં આવે કોઈ સાથે, વલ્લભ. તું તો વિમુખ થયો છું તારે હાથે. વલ્લભનામ. ૪

છજાં મહેલ મેડીને ટાંકાં, વલ્લભ. તે તો પ્રાણી તારા મન કેરાં ફાંફાં. વલ્લભનામ. ૫

તારાં ફૂલ ફૂલ્યાં કરમાશે, વલ્લભ. આવો અવસર ફરી નહીં મલશે. વલ્લભનામ. ૬

જેને હશે **ગુરુની** કૃપા, વલ્લભ નામ તેણે જાણ્યું તેને લીલાનું સુખ સદા. વલ્લભનામ. ૭

કહે દાસનો દાસ કર જોડી, વલ્લભ. કરો સત્સંગ આળસ છોડી. વલ્લભનામ. ૮

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

વિચાર કરવો જોઇએ !

ભક્તિમાર્ગમાં ભગવાનનો સંબંધ ન થયેલ હોય તેવી વસ્તુના સંબંધથી દોષ થાય છે. આથી અસમર્પિત પદાર્તોનો ત્યાગ કરવો. સ્વમાર્ગ અનુસાર જેમણે નિવેદન કરેલું છે તેઓએ લૌકિક ક્રિયા એટલે પુત્ર વગેરેના વિવાહ, બ્રાહ્મણાદિના ભોજન વગેરે પ્રસંગો તેમજ વૈદિક એટલે શ્રાદ્ધ, યજ્ઞાદિ વગેરે સર્વ ક્રિયાનો ભગવદ્ સમર્પિત કરેલો પદાર્થોથી જ કરવી. અર્ધભુક્ત પદાર્થનું ભગવાનને સમર્પણ ક્યારે પણ કરવું નહીં. આ પ્રમાણે ભક્તિમાર્ગમાં પુરુષોત્તમની સેવા થતી હોવાથી ભક્તિ ઉત્પન્ન કરનાર તરીકે નિવેદનનો પ્રકાર કહેલો છે. તેથી ભક્તિમાર્ગમાં ભગવાનની ઉચ્છિષ્ટ પ્રસાદીથી જ સેવકે પોતાનો નિર્વાહ કરવો, અન્ય કોઇ પ્રકારે કરવો નહીં.

(સિદ્ધાંત રહસ્ય ગ્રંથ શ્લોક ૪થી ૬ શ્રીગોકુલેશ પ્રભુની વિવૃત્તિ)

પ્રભુ અલૌકિક સ્વામી છે અને તેમનો અંગીકાર ત્રણે કાળમાં પણ નિત્ય છે. તેથી અંગીકૃતની કોઇ કાળે ઉપેક્ષા કરે એ સંભાવના જ નથી.

જેવી રીતે પતિકાર્યમાં સર્વથા યોગ્ય બનેલ પુત્રીને માતાપિતા સ્નેહવશ થઇ, દીકરી ને શ્રમ-ક્લેશ થવાના ભયથી તેના લૌકિક પતિ પાસે ન મોકલે તો તેનો પતિ અપ્રસન્ન થાય છે, તેવી રીતે જીવ પણ પોતાના દેહ ઉપર મમત્વ રાખીને ભગવદ્ સેવામાં વિનિયોગ ના કરે તો પ્રભુ અપ્રસન્ન થાય છે.

(અંતઃકરણ પ્રબોધ ગ્રંથ શ્લોક ૭, ૮ શ્રીગોકુલેશ પ્રભુની વિવૃત્તિ)

શ્રીમદ્ આચાર્યચરણના અનુગ્રહપૂર્વક સ્વમાર્ગીય પ્રકારે ભગવાનને આત્મા વગેરેનું નિવેદન કર્યા પછી ભગવાન અંગીકાર કરે તે જ બીજભાવ છે. તેનું દૃઢ થવું એટલે નિરંતર તેમનામાં જ આસક્ત રહી એતન્માર્ગસ્થિતિ. તુ શબ્દથી અન્ય માર્ગના સાધનોનો નિષેધ કરે છે. સ્વમાર્ગીય સાધનો - ત્યાગ, શ્રવણ અને કીર્તનથી ભક્તિમાં વૃદ્ધિ થાય છે.

બીજ દઢ કરવાનો પ્રકાર એવો છે કે - ભગવદ્ ભજનને અનુકૂળ ન હોય તેવાનો સંગ કર્યા વિના સ્વધર્મ પ્રમાણે ભગવદ્‌ભજનને અનુકૂળ હોય એવા ગૃહમાં જ રહીને ભગવદ્ સેવા અને સેવાના અનવસરમાં અન્ય વ્યાસંગ ન થાય તે માટે શ્રવણ, કીર્તન, સ્મરણ વગેરેથી શ્રીગોકુલેશનું ભજન કરવું. તુ શબ્દથી ઉપરોક્ત પ્રકાર સિવાયના અન્ય પ્રકારોનો સ્પષ્ટ નિષેધ કર્યો છે.

શ્રીમહાપ્રભુ દ્વારા પ્રગટિત ભગવદ્ સેવામાં તથા સેવાના અનવસરમાં એતન્માર્ગીય લીલા-કથામાં ચિત્તનો આસક્તિપૂર્વક દઢ આગ્રહ જીવનપર્યંત હોય તેના ભાવનો નાશ જુદા જુદા દેશ અને કાળમાં કોઈ પ્રસંગ થતો નથી. અથવા વિકલ્પરૂપે ભગવદ્ ઈચ્છાથી કોઈની સેવામાં તો કોઈની લીલા-કથામાં દઢ આસક્તિ થાય છે. આ આસક્તિ અલ્પસમય માટે નહીં, પરંતુ જીવે ત્યાં સુધી રહેવી જોઈએ. ભગવદ્ ઈચ્છાથી સેવામાં અથવા કથામાં આસક્તિવાળાનો ક્યારે પન નાશ થતો નથી. એટલે કે એતન્માર્ગીય ફળ પ્રાપ્તિમાં અંતરાય આવતો નથી. ફળપ્રાપ્તિ નિ:સંદેહ થાય છે જ.

(ભક્તિવર્ધિની ગ્રંથ શ્લોક ૧,૨,૯ શ્રીગોકુલેશ પ્રભુની વિવૃત્તિ)

ભક્તિમાર્ગમાં ભગવદ્ વિરહના અનુભવને માટે જે ગૃહાદિ ત્યાગની પ્રશંસા કરવામાં આવે છે અને શુદ્ધ પુષ્ટિમાર્ગીય એવં પૂર્ણ ભાવવાળો જ વિરહના અનુભવનો અધિકારી છે.

કળિયુગમાં શાસ્ત્રોક્ત સંન્યાસના ધર્મોનો નિર્વાહ થઈ શકે તેવો ન હોવાથી સંન્યાસનો વ્યવહાર માત્ર વેષમાં જ પરિણમતો હોઈ પાખંડીપણું જ પ્રાપ્ત થાય છે. આથી જ્ઞાનમાર્ગનો સંન્યાસ દોષયુક્ત હોઈ, કળિયુગમાં જ્ઞાનમાર્ગીય સંન્યાસ ગ્રહણ કરવો નહીં.

(સંન્યાસનિર્ણય ગ્રંથ શ્લોક ૭, ૧૬ શ્રીગોકુલેશ પ્રભુની વિવૃત્તિ)

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

।। શ્રીગોકુલેશો જયતિ ।।

ગોકુલસ્ય તુ યો ગોપ્તા પુષ્ટિસુપથરક્ષિતા ।

જનિતા તુર્યવંશસ્ય ગોકુલેશં નમામિ તમ્ ।।

શ્રીગોકુલપતેર્ નિત્યં શુભદમાસ્પદં મહત્ ।

શ્રીવાલ્લભમતે નિષ્ઠં તુર્યપીઠં વયં નુમઃ ।।

શ્રીચતુર્થપીઠાધીશ્વર પૂજ્યચરણ ગુરુદેવ

ગોસ્વામી શ્રીદેવકીનંદનાચાર્યશ્રીના આશિર્વાદથી

શ્રીમદ્ ગોકુલ આવતા શ્રીચતુર્થગૃહના સેવકોને

સન્મુખ-શ્રીચરણસ્પર્શ સંબંધી આવશ્યક માર્ગદર્શન

...ગતાંકથી આગળ

નોંધ: - આપણા અલૌકિક શ્રીવાલ્લભ સિદ્ધાંત નિષ્ઠ શ્રીચતુર્થગૃહમાં બીરાજતા સર્વદા સેવ્ય દાદાજી શ્રીગોકુલેશ પ્રભુચરણ પ્રગટ બીરાજતાં શ્રીબેઠકજીએ સેવક-વૈષ્ણવોને શ્રીચરણસ્પર્શ માટે અનિવાર્ય નિયમો, તે જાણવા જરૂરી છે. જેથી આપણે જ્યારે પણ શ્રીમદ્ ગોકુલ જઈએ ત્યારે કોઈ તકલિફ ન પડે, તેથી આ આવશ્યક માર્ગદર્શન જાણી લેવું જરૂરી છે.

- વૈષ્ણવ ભાઈઓએ ધોતી, વૈષ્ણવી બંડી અથવા ઉપરણો તથા વૈષ્ણવ બહેનોએ સાડી, ચોલી, અને કાંસાવાળો ચણિયો પહેરવાં. આધુનિક પ્રકારના વસ્ત્ર અપરસમાં ચાલતા નથી.
- વૈષ્ણવ ભાઈઓએ શરીરનો ઉપરનો ભાગ ખુલ્લો રાખવો નહીં પરંતુ વૈષ્ણવી બંડી અથવા ઉપરણાથી ઢાંકેલો જ રાખવો.
- હાથમાં વીંટી અથવા અન્ય ભૌતિક આભૂષણો સ્નાન કરતાં પહેલાં જ કાઢી નાંખવા.
- શ્રીચરણસ્પર્શ કરતી વેળા બહેનોએ સાડીથી માથું ઢાંકવું.

- હાથ ખાસા કરીને ચરણામૃત લેવું. વૈષ્ણવ ભાઇઓએ પ્રસાદી કંકુથી દંડાકાર તિલક કરવું, અને વૈષ્ણવ બહેનોએ પ્રસાદી કંકુનો ચાંલ્લો કરવો, પરંતુ આધુનિક પ્રકારે મળતો શ્રુંગાર કે પ્લાષ્ટિકનો તૈયાર ચાંલ્લો રાખવા નહીં.

- શ્રીગોકુલમાં આવી પ્રથમવાર અપરસ કરનાર વૈષ્ણવ ભાઇ-બહેનોએ કંઠી અવશ્ય બદલવી. શ્રીબેઠકજીના મુખીયાજી પાસેથી નવી કંઠી મેળવવા વિનંતી કરવી. પ્રથમ નવી કંઠી ગળામાં પહેર્યા પછી જ જૂની કંઠી ગળામાંથી ઉતારવી. ઉતારેલી કંઠી ગમે ત્યાં ફેંકવી નહીં, ફરીથી ઉપયોગમાં પણ લેવી નહીં તેમજ ઘરે પણ લઇ જવી નહીં, પરંતુ ત્યાંજ ડબ્બામાં પધરાવવી.

- શ્રીચરણસ્પર્શ અને દર્શનની વાર હોય તો, કોઇનો સ્પર્શ ન થઇ જાય એ રીતે શાંતિથી એક સ્થાને બેસી ભગવદ્ નામ/સ્તોત્ર પાઠ વગેરે કરવાં, પરંતુ લૌકિક વાતો કરવી નહીં.

- શ્રીબેઠકજી સન્મુખ ઊંચા સ્થાને, પીઠ દઇને, પગ લાંબા કરીને, પગ ઉપર પગ ચઢાવીને, અથવા અદબ વાળીને કદી બેસવું નહીં પરંતુ પગના પંજા ખૂલ્લા નહીં એ રીતે પલાંઠી વાળીને દીનતાપૂર્વક બેસવું.

- શ્રીબેઠકજી સન્મુખ વિદ્વાન, મોટા અધિકારી, દ્રવ્યપાત્ર કે અહંકાર ભાવથી પણ જવું નહીં.

- શ્રીબેઠકજીમાં શ્રીચરણસ્પર્શ કરતાં પહેલાં બન્ને હાથ ખાસા કરવા. ખાસા કરેલા હાથ ભેવા કરવા નહીં તેમજ શરીરના અન્ય કોઇ ભાગને પણ સ્પર્શ કરાવવા નહીં. પરંતુ ખાસા કરેલ બન્ને હાથ મૂઠી વાળીને જુદા રાખવા.

- વૈષ્ણવનો સમૂહ વિશેષ હોય તો શાંતિથી ક્રમાનુસાર ઊભા રહેવું અને ક્રમવાર શ્રીચરણસ્પર્શ કરવા જવું પરંતુ ધક્કામુક્કી અથવા કોલાહલ કરવો નહીં.

...ક્રમશ:

સંકલન:- રાજેન્દ્રભાઇ કડકીયા (યુ.એસ.એ.)

જૈ જૈ શ્રીગોકુલેશ

તમો ફૂલબાગમાં ડેરા તણો મારા રાહ, મોગરાની કળીઓ મોંઘી છે

મોંઘી છે પણ સોંઘી મારા રાજ-મોગરાની. ૧

મોટી મોટી કળીઓ વીણીને રાખશું, પાંચ સાત કળીઓ છોટી મારા રાજ-મોગરાની.૨

ચંપા ચંબેલીની કળીઓ બહું દીઠી, લાગે સુગંદદ એની મીઠી મારા રાજ-મોગરાની. ૩

કંકણહાર બાજુબંધ ફૂલના, ગજરા ગુલાબી ફૂલવેણી મારા રાજ - મોગરાની. ૪

ફૂલની ગાદીને ફૂલના તકિયા, ફૂલનાં બિછાનાં બીછાવું મારા રાજ - મોગરાની. ૫

ફૂલની જળીને ફૂલની છે બારી, છજા મેડીને અટારી મારા રાજ - મોગરાની. ૬

ફૂલની વાડીને ફૂલના પંખા, ફૂલની સેજ મેં સંવારી મારા રાજ - મોગરાની. ૭

અત્તર સુગંધીને પાનનાં બીડાં, હાથે કરીને સંવારી મારા રાજ - મોગરાની. ૮

શ્રીગોકુલેશજીને નજરે નિહાળું, સદા બિરાજો ફુલવાડી મારા રાજ - મોગરાની. ૯

જીરે લખી લખી કિંકરી વારણે જાય છે, સાદા રાખો ચરણની પાસ મારા રાજ-મોગરાની.૧૦



કવિત્ત

નિયામક ન ક્રતુ આદિ વ્રત આચરણ કછુ,

સાધન સહાયકો નિયામક ન માનિયે;

નિયામક ન નેમધર્મ પીઠિકા પ્રસિદ્ધ સિદ્ધ,

સોઉ કોઉકાજ આવૈ એસી મનમેં ન આનિયૈ;

નિયામક ન સંગ ન સુશીલતા ન ગ્રંથ પાઠ,

ભાવ ભગવદ્ નામ નિયામક ન માનિયે;

નિયામક હરની એકમાત્ર ગોકુલેશકી,

જેહી ભાંતિ હરી આવૈ, સોઇ પેં પ્રમાનિયે. ૩

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

શ્રીગોકુલનાથકી જય



વર્ષ ૨ અંક ૫ શ્રાવણ વદ ૧૧, ૨૦૬૪

શ્રીગોકુલેશ પાઠશાળા

શ્રીઅજા એકાદશી વ્રત

તાત તણો પ્રતિબિંબ રે રસના - ૫

નંદ ઘેર અનંદ ભયો જય શ્રીગોકુલનાથકી

નંદ ઘેર અનંદ ભયો જય શ્રીગોકુલનાથકી

શ્રીકન્હૈયા પ્રભુ કે વચનામૃત

એક સમય આપ ગુજરાત પ્રદેશમેં વાડાશીનોર ગામમેં અપને મંદિરમેં બિરાજત હતે, તબ વહાં જન્માષ્ટમી ભયે પાછે વા મંદિરમેં વહાંકે શ્રીઠાકુરજીકુ રાધા અષ્ટમી તક પાલને ઝૂલાવત હતે, તબ આપને આજ્ઞા કીની જે અપને ઘરમેં શ્રીજીકું એક દિ'ના પાલને ઝૂલાયવેકી રીત હે, યહ આજ્ઞા કરકે પંદરે દિ'ના ઝૂલાયવેકું મને કરી (બંધ કીયે).